# ક્લાઈમેટ ચેન્જ વિભાગની સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે

ગાંધીનગર, તા. ૧૫

ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા મહત્વની ''સૂર્ય ગુજરાત યોજના'' અંતર્ગત રહેણાંક મકાનો પર સોલાર રૂફટોપ અંતર્ગત સબસીડીનું વિતરણ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. મારફત કરવામાં આવે છે. સોલાર રૂફટોપ યોજનાના અમલીકરણ માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ વચ્ચેના સંકલનથી ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવે છે. ક્લાઈમેટ ચેન્જ વિભાગે રહેણાંક મકાનો પર સોલાર રૂફટોપમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩,૫૩,૨૫૪ લાભાર્થીઓને સબસીડી સહાયની રકમ ચૂકવી સમગ્ર દેશમાં સતત પ્રથમ સ્થાન મેળવ્યું છે. ગુજરાત રાજ્યની સોલાર રૂફટોપની કામગીરીની સફળતા તેમજ સબસીડી સહાયનો લાભ સૌથી વધારે લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો શ્રેય ક્લાઈમેટ ચેન્જ વિભાગ અને ઊર્જા વિભાગ વચ્ચેના સંકલનનું પ્રજાલક્ષી પરિણામ છે. ગુજરાતે સોલાર રૂફટોપ ક્ષેત્રે ૧૮૭૩ સ્ઉની સ્થાપિત ક્ષમતા કાર્યરત કરેલ છે. રાજ્યના વિવિધ સરકારી મકાનો પર સોલાર રૂફટોપ બેસાડવાની કામગીરી ક્લાઈમેટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી(જેડા) મારફત કરવામાં આવે છે જેમાં છેલ્લા પાંચ વર્ષમાં ખૂબ જ સારી પ્રગતિ થયેલ છે. તેના કારણે સરકારનું કરોડો રૂપિયાના વીજબિલની બચત થવા પામેલ છે. છેલ્લા ૫ વર્ષમાં વિભાગે ૧૩૩૦ સરકારી મકાનો પર કુલ ૨૩૭૨૯ દ્વઉની કામગીરી માટે કુલ રૂ. ૯૦.૩૨ કરોડનો ખર્ચ થયેલ છે તથા સરકારી મકાનો પર લાગેલી સોલાર રૂફટોપના કારણે લાંબાગાળાના પર્યાવરણીય ફાયદાઓ ઉપરાંત દર વર્ષે રૂ. ૧૦ કરોડના વીજબીલની બચત પણ મેળવવામાં આવે છે. રાજ્યની શાળા-કોલેજોમાં ધોરણ-૯ થી આગળનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બેટરી સંચાલિત ટુ વ્હીકલની યોજનાનો અમલ કરવામાં આવેલ છે. જેનાથી પેટ્રોલની ખપત અને પ્રદૂષણ ઘટે છે. આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૫૯૮૧ લાભાર્થીઓને બેટરી ઓપરેટેડ વાહનો માટે સબસીડી સહાનયું વિતરણ કરેલ છે. સદર સ્કીમની સબસીડીની રકમ સીધી લાભાર્થીઓના ખાતામાં ડાયરેક્ટ બેનીફીશીયરી ટ્રાંસફરથી આપવામાં આવે છે. આથી આ સબીસીડી યોજનાના અમલીકરણમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિને અવકાશ નથી. આ યોજના હેઠળ રૂ. ૪૩ કરોડ સીધા જ ૩૫૯૮૧ લાભાર્થીઓને ચૂકવી દેવામાં આવેલ છે. ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ તથા ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકિનારાને કારણે રાજ્યમાં પવન ઉર્જાની વિશિષ્ટ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને પર્યાવરણનીય અનુકૂળ હરિત ઊર્જામાં પરિવર્તિત કરવા ગુજરાત સરકારે પવન ઊર્જા નીતિ અમલમાં મુકેલ છે. તેના પરિણામે ગુજરાતમાં ૯૨૧૮ સ્ઉની સ્થાપિત ક્ષમતા કાર્યરત છે. પવન ઊર્જામાં રોકાણ વધે તે માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ વાયબ્રંટ ગુજરાત સમિટ અંતર્ગત રોકાણકારોને જરૂરી માર્ગદર્શન તેમજ મદદ પૂરી પાડે છે. તેના પરિણામે ગુજરાતમાં પવન ઊર્જા ક્ષેત્રે ૭૦,૦૦૦ કરોડથી પણ વધુ રકમનું ખાનગી રોકાણ થયેલ છે. ક્લાઈમેટ ચેન્જ વિભાગે તેની સ્થાપનાના ૧૨ વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરેલ છે. જેમ કે સોલાર રૂફટોપમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે તથા પવન ઊર્જામાં દ્વીતીય ક્રમે છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પેલા બાબાએ જ્યારથી યોગા ચાલુ કર્યુ ત્યારથી હુ પણ યોગા કરૂ છું... પણ મારો ધંધો તો જરા પણ આગળ ન વધ્યો...!!



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના વિસ્તાર જાખોરાથી છાલા, સાદરાને જોડતો માર્ગ, ચંદ્રાલા, મોતીપુરા માર્ગથી સરકારી બોર સુધી, છાલાથી કાનપુર માર્ગ ૫.૫ મીટર પહોળાઈવાળા માર્ગ સહિત કુલ ત્રણ માર્ગના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિલ્લા પંચાયત ચેરમેન લલિતસિંહ ઠાકોર, ગામના સરપંચ, આગેવાનો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.



ગાંધીનગરમાં આવેલ જાણીતા ભરતનાટ્યમના ક્લાસીસ નટરાજ ડાન્સ એકેડેમીના સંચાલક શ્રીમતી પ્રણાલી ગાંધીના માર્ગદર્શન હેઠળ તેમની વિદ્યાર્થીનીઓ કેના રાઠોડ અને વિભૂતી શાહે તા. ૨૯-૫-૨૨ના રોજ જીએમસીડી હોલ રાયસણ ખાતે આરંગેત્રમની રજૂઆત કરી હતી.



રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈન્ટરનલ સિક્યોરીટી અને પોલીસ એડમિનિસ્ટ્રેશન દ્વારા કાઉન્ટર ઈમરજન્સી વિષય પર ત્રણ દિવસીય પ્રમાણપત્ર કોર્સ શરૂ કરાયો છે. આ કોર્સનો મહત્તમ ઉમેદવારો લાભ લે તે માટે રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે.

## ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજની જનરલ સભા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૫

ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજની જનરલ સભા ૧૨ જૂનના રોજ છત્રાલ (કલોલ) મુકામે છત્રેશ્વર મહાદેવની વાડીમાં સમાજના આગેવાનોની હાજરીમાં મળી હતી. જેમાં રાજા ઈન્ડસ્ટ્રીઝના દિલિપભાઈ સમારંભના પ્રમુખ તરીકે અને સમાજના અધ્યક્ષ ભીખાભાઈ, ટ્રસ્ટના પ્રમુખ બાબુલાલ, સમાજના પ્રમુખ ચિમનભાઈ, મંત્રી બલદેવભાઈ તેમજ સમાજના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, આ જનરલ સભામાં આગામી ત્રણ વર્ષ માટેના કારોબારી સભ્યો અને હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં સમારંભના પ્રમુખ દિલિપભાઈ દ્વારા પ્રવચન આપવામાં આવેલ જેમાં સમાજના દાતાઓ દ્વારા કોવિડ સેન્ટર કુડાસણ સંસ્થામાં ઉભુ કરવામાં આવ્યું હતું. દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો અને સંસ્થામાં સોલાર પાવર વિજળી બચાવવા માટેનો ખર્ચ દિલિપભાઈ, બાબુલાલ અને ચિમનભાઈ દ્વારા રૂ. ૩૦ લાખ જેટલો માતબર ખર્ચ આપવામા આવતાં અધ્યક્ષ ભીખાભાઈ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો અને મંત્રી બળદેવભાઈ દ્વારા સમાજનો અહેવાલ અને સભાનું સંચાલન ઉમેશભાઈ દ્વારા તેમજ કાર્યક્રમનું આભારદર્શન અશોકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. અને છત્રાલ ગામ દ્વારા ભોજનની વ્યવસ્થા પણ કરી આપવામાં આળી હતી.

## ભાજપાની પેજપ્રમુખ બહેનો સાથે સંવાદ કરતા ભાજપા રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા

ગાંધીનગર,.તા.૧૫

તારીખ ૧૫ જૂને ગાંધીનગર પધારેલા ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા વનાથી શ્રીનિવાસનએ મહારાષ્ટ્ર ભવન, ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં સ્વ-સહાય મોરચાની કામગીરીને બિરદાવી હતી અને આગામી યોજાનાર ચૂંટણીઓમાં મહિલા શક્તિ ભાજપાના ઐતિહાસિક વિજયમાં મહત્વની ભૂમિકા ભજવશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રદેશ મહિલા ભાજપા મહિલા મોરચા પ્રભારી પૂનમબેન શર્મા,

પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દીપિકા સરડવા, પ્રદેશ ભાજપા મહિલા મોરચા પ્રભારી તૃપ્તિબેન વ્યાસ, વિણાબેન પ્રજાપતિ, મહાનગરના અધ્યક્ષ



જૂથ અને ગૃહ ઉદ્યોગની મહિલાઓ સાથે સંવાદ કરી ર્ઈસ પોર્ટલ અંગે માહિતી આપી સૌ મહિલાઓને પોર્ટલનો ઉપયોગ અસરકારકતા સાથે કરવા અંગે માહિતી આપી સૌને ર્ઈસપોર્ટલનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું તેમજ ઉપસ્થિત સૌએ મહિલાઓ દ્વારા તૈયાર કરાતા વિવિધ ઉત્પાદોની પ્રદર્શની નિહાળી હતી. ઉપરાંત તેમણે મહાનગર ભાજપા મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દીપિકા સરડવાએ ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા નું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપા રાષ્ટ્રીય મહિલા મોરચાના મહામંત્રી દીપ્તિ રાવત, રાષ્ટ્રીય મહિલા મોરચા ઉપપ્રમુખ જ્યોતિબેન પંડ્યા, ગુજરાત ઋચિર ભટ્ટ, મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રી અને મહિલા મોરચા પ્રભારી ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહાનગર મહિલા મોરચા અધ્યક્ષા પ્રિયા પટેલ, સ્વ-સહાય જૂથ અને ગૃહ ઉદ્યોગની મહિલાઓ, સંગઠનની હોદ્દેદારો બહેનો, સિનિયર અગ્રણી બહેનો, મહિલા કોર્પોરેટરો, મહિલા પેજપ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર (દ) બેઠકમાં આવતા ગલુદણ ગામમાં સદ્ભાવના ફંડ અંતર્ગત વિકાસ કામો માટે રૂ. ૧૫ં લાખના વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

● માણસા તાલુકામાં ૧૦ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટીઓને અલગ તારવી અહેવાલ જિલ્લા પંચાયતને મોકલવામાં આવ્યો છે.

● સુઘડ ગામ ગાંધીનગર મનપામાં ભળતાં પ્રા.આ. કેન્દ્ર ત્યાંથી તબદીલ કરી દશેલા ખાતે કાર્યાન્વીત કરવા માટે આરોગ્ય કમિશ્નરેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને તાત્કાલિક કાર્યાન્વીત કરવાની સૂચના પણ અપાઈ છે.

● જિલ્લાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની આજે કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી.

● જિલ્લા પંચાયતની ખેત ઉત્પાદન અને સહકાર સમિતિની આજે બેઠક મળશે.

● જિલા પંચાયત પ્રમુખના અધ્યક્ષપદે બાળ સુરક્ષા સમિતિની બેઠક મળી હતી.

● ચોમાસાના આગમન પૂર્વે શહેરમાં કામો જે ચાલુ છે તે પૂરા કરવામાં એજન્સીઓ દ્વારા કામમાં ગતિ લાવવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લામાં ૧૫ થી ૧૯ જૂન દરમ્યાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

● રાજ્યના મહેસુલ વિભાગે ૧૧૦ મામલતદારોની બદલી કરી છે તેમજ ૪૦ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે નિમણુંક આપતા હુકમો કર્યા છે.

● ગાંધીનગર શહેરમાં સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ નહિ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

## વાવોલમાં વરસાદના આગમન સાથે મુશ્કેલીઓનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વાવોલ



ગામતળમાં હજુ પણ જુની સમસ્યાઓ યથાવત જોવા મળી રહી છે. દર વર્ષે ચોમાસામાં ગામના મુખ્ય બજાર વિસ્તારમાં સેન્ટ્રલ બેંક સામે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાય છે જે અંગે દર વખતે રજુઆતો કરવામાં આવે છે. અગાઉ ગ્રામ પંચાયતમાં કરાતી રજુઆત ગત વર્ષથી મનપામાં કરવામાં આવી રહી છે પરંતુ "વાઘાં બદલાયાં પણ ખોળિયાં એના એ રહ્યાં" જેવી હાલત જોવા મળી રહી છે. માત્ર એક દિવસ વરસેલાં સમાન્ય વરસાદમાં વાવોલ ગામમાં રસ્તા પાણીનો ભરાવો થઈ ગયો છે અને તેમાંથી દુર્ગંધ પ્રસરવા સાથે માખી-મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધે તેવું જોખમ જણાઈ રહ્યું છે. વાવોલ ગામની મધ્યમાં સેન્ટ્રલ બેંક નજીક જ દરવર્ષે વરસાદી પાણીના ભરાવાને કારણે ગંદકી અને કાદવ-કીચડ સાથે માખી-મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી જવા પામે છે જેના કારણે સ્થાનિક રહેવાસીઓનું આરોગ્ય જોખમમાં મુકાય છે. ગામના આંતરિક રસ્તાઓ ઉપર આરસીસી રોડ બનાવતી વેળાએ કરાયેલા અણઘડ આયોજનને કારણે અનેક સ્થળે વરસાદી પાણીનો ભરાવો થાય છે જે ઘણા દિવસો સુધી તડકો નીકળવા છતાં સુકાતો નથી જેમાં મચ્છરોનો ઉપદ્રવ થાય છે. આ વખતે પણ સોમવારે વરસેલાં સામાન્ય વરસાદમાં જ ગામના બજારમાં પાણીની લહેરો વહેતી થઈ ગઈ છે અને સેન્ટ્રલ બેંક સામેના ભાગે ખાબોચિયા ભરાઈ જવા પામ્યાં છે. વહીવટીતંત્ર દ્વારા સત્વરે આ વરસાદી પાણીનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાય તે સાથે આગામી ચોમાસાને અનુલક્ષીને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ પ્રવર્તી રહી છે..

## મનપા. વિસ્તારમાં પ્રિ મોનસુન અંગેની તૈયારીઓની સમીક્ષા

ગાંધીનગર, તા. ૧૫

શહેરી વિકાસ રાજયમંત્રી વિનોદભાઈ મોરડીયાએ રાજયની મહાનગરપાલિકાઓના કમિશનરો સાથે શહેરી વિકાસ વિભાગના સચિવ(હાઉસીંગ)ની ઉપસ્થિતિમાં વિડિયો કોન્ફરન્સ મારફત મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રિ મોનસુન અંગેની તૈયારીઓની સમીક્ષા કરી તૈનાત રહેવા સૂચનાઓ આપી છે. મંત્રી મોરડીયાએ રાજયની મહાનગરપાલિકાઓના કમિશનરો સાથે મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રિ મોનસુન અંગેની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય આયોજન કરવા, વૃક્ષોને યોગ્ય રીતે ટ્રીમીંગ કરવા માટે તે ઉપરાંત ભય જનક મિલકતો આવેલ હોય તેનો તાત્કાલિક સર્વે કરીને તે ઉતારી પાડવા અને આવી ઈમારતોમાં વસતા લોકોને વૈકલ્પિક વ્યવસ્થા સહિતનું જરૂરી આયોજન કરવા, નિચાણ વાળા વિસ્તારોને સ્થળાંતર કરવાનું થાય તેવી પરિસ્થિતિમાં ત્યાંના વસાહતીઓને યોગ્ય સ્થળે વસાવવા સહિત પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થાય તે મુજબનું આયોજન કરવા માટે તથા આકસ્મિક સંજોગોમાં જરૂરી સંશોધનો સાથે રેસ્કયુ ટીમને સ્ટેન્ડ બાય રાખવાની વ્યવસ્થા કરવા તમામ મ્યુનિસિપલ કમિશ્નરોને સુચનાઓ આપી હતી. મંત્રીએ ગત ફેબ્રુઆરી માસમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં મહાનગરપાલિકાઓને ટીપી સ્કીમ રૂએ પ્રાપ્ત થયેલા પ્લોટોમાં થયેલા દબાણ દુર કરવા માટે આપેલી સૂચનાઓ સંદર્ભે મહાન ગરપાલિકાઓ દ્વારા દબાણ દુર કરવા કરાયેલી કાર્યવાહીની વિગતો મેળવી હતી.

## ચિલોડા ખાતે વિશ્વ વરિષ્ઠ નાગરિકોના દુવ્યવહારની સમસ્યાઓ અંગે જાગૃતિ દિવસ કાનૂની શિબિર

ગાંધીનગર, તા. ૧૫

વર્લ્ડ એન્ડર એબ્યુઝ અવેરનેસ ડે નિમિત્તે ચિલોડા ગ્રામ પંચાયત કચેરી અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે વરિષ્ઠ નાગરિકો, તેમની સંભાળ રાખનારાઓ અને સરકારોને વડીલોના દુર્વ્યવહારની સમસ્યાનો સામનો કરવા અવેરનેસરૂપે વડીલોના શારીરિક, ભાવનાત્મક અને નાણાંકીય દુર્વ્યવહારની સમસ્યા પર વિશેષ ધ્યાન દોરવાના હેતુસર વડીલો પ્રત્યેની હિંસા, ઉપેક્ષા, અવગણના, શોષણ, મુશ્કેલીઓ જેવી સમસ્યાઓને કેવી રીતે ઘટાડી શકાય ઉપરાંત પોષાક, ખોરાક, યોગ્ય દવા, સલામતી, સ્વચ્છતા સાથેની સહાય જેવી આવશ્યકતા વૃધ્ધ પડોશીઓ, સભ્યો અને મિત્રો કેવી રીતે મદદરૂપ બની શકે તથા વૃદ્ધ લોકોને સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક વસ્તી વિષયક પ્રક્રિયાઓ અંગે જાગૃતિ લાવીને દુરૂપયોગની સમજને પ્રોત્સાહન આપવા પી.એલ.વી. નટુભાઈ પટેલ દ્વારા એક કાનૂની શિક્ષણ શિબિર દ્વારા વડીલો પર વિશેષ



ધ્યાન કેન્દ્રિત સુનિશ્ચિત કરવા ઉચ્ચ ગુણવત્તા અને ગૌરવપૂર્ણ જીવન જીવે તેવા કાર્યોને મહત્વ આપવા આહવાન કર્યુ હતુ. વૃદ્ધોના દુરુપયોગના મુખ્ય કારણો ભાવનાત્મક અને આર્થિક અવલંબન, બદલાની, નૈતિકતા, બદલાતી માનસિકતા, મિલકત અને વારસાના વિવાદો, આર્થિક શોષણ, અનાદર, ઉપેક્ષાઓ, બેદરકારી, કૌટુંબિક બાબતોની ગુપ્તતા જાળવવા-અજ્ઞાનતા સંયુક્ત કુટુંબનું વિઘટન, વિભક્ત કુટુંબ પ્રથા, સ્થળાંતર ઉપભોકતાવાદના કારણે વૃદ્ધોની મુશ્કેલીઓના ભોગ બને છે. બંધારણમાં વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે વિવિધ કાયદાકીય જોગવાઈઓમાં ભરણપોષણની જોગવાઈ કરી છે. નાગરિકોના મૂળભૂત અધિકારો સુરક્ષા કવચ પુરૂ પાડે છે.

## દેવીપુજક સમાજને એસટી કેટેગરીનો દરજ્જો આપવા મુખ્યમંત્રીને રજુઆત



ગાંધીનગર,તા.૧૫

ગુજરાત રાજયના દેવીપુજક સમાજને ઓબીસીમાંથી બાદ કરીને એસટી કેટેગરીમાં સમાવવાની માંગણીને બુલંદ કરવામાં આવી છે. ત્યારે આજે સચિવાલય ખાતે અખિલ ભારતીય આદિમ મહાસંઘ અને વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયા અને હોદેદારો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેવીપુજક સમાજને એસટી કેટેગરીમાં સમાવવા મુદ્દે રાજયના મુખ્યમંત્રીને મળીને રજુઆત કરવામાં આવી હતી. છેલ્લા એક દાયકાથી રાજયનો દેવીપુજક સમાજ એસટી કેટેગરીમાં સમાવેશ માટે માંગણી કરી રહ્યો છે. પરંતુ આદિમ સંઘ અને દેવીપુજક સમાજ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા સરકારના બહેરાકાન સુધી દેવીપુજક સમાજની વાત પહોંચતી નથી. જયારે રાજય સરકાર દ્વારા પખવાડીયામાં હકારાત્મક વલણ આ મુદ્દે નહી આવે તો અખિલ ભારતીય આદિમ મહાસંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગાંધીનગર શહેર-જિલ્લામાં ભવ્ય ઉજવણી કરાશે

### જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ત્રિમંદિર, અડાલજના કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે : તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાશે અને નગરપાલિકા કક્ષાએ પણ યોગ દિવસની ઉજવણી થશે

ગાંધીનગર, તા.૧૫

માનવતા માટે યોગ - આ થીમ અંતર્ગત તા. ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ગાંધીનગર જિલ્લામાં પણ ભવ્ય ઉજવણી કરાશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને પ્રયત્નોથી સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરાઈ રહી છે. ગાંધીનગર જિલ્લામાં યુવાનો અને બાળકો ઉપરાંત વડીલો, મહિલાઓ અને વિકલાંગોને પણ યોગ પ્રતિ વિશેષ જાગૃત કરવાના પ્રયત્નો કરાશે. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જિલ્લામાં યોગ દિવસની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે આજે ગાંધીનગર જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી અને યોગને જીવનનો કાયમી ભાગ બનાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, વધુ ને વધુ લોકો સ્વસ્થ જીવન માટે યોગને કાયમ માટે અપનાવે એ જ આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે; તા. ૨૧ મી જૂને સવારે ૫.૪૫ કલાકે ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી ત્રિમંદિર, અડાલજના કન્વેન્શન સેન્ટર ખાતે થશે. અંદાજે ૪૦૦૦ જેટલા નાગરિકો સમૂહમાં યોગ કરશે. ગાંધીનગર જિલ્લાના ત્રણેય તાલુકામાં યોગ દિવસે તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાશે. ગાંધીનગર તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે યોજાશે. કલોલ તાલુકા કક્ષાનો કાર્યક્રમ જૈનવાડી, પાનસર ખાતે યોજાશે, દહેગામ તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગલુદણ પટેલ સમાજવાડી ખાતે યોજાશે અને માણસા તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુર ખાતે યોજાશે. વધુ ને વધુ લોકો યોગ સાથે જોડાય તેવા ઉદ્દેશ સાથે નગરપાલિકા કક્ષાએ પણ અલગથી કાર્યક્રમો યોજાશે. કલોલ નગરપાલિકાની યોગ દિવસની ઉજવણી સરદાર બાગમાં થશે. માણસા નગરપાલિકાની ઉજવણી એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કોમર્સ, માણસા ખાતે થશે. જ્યારે દહેગામ નગરપાલિકાની ઉજવણી ઔડા ગાર્ડન, ઋષિલ મોલ પાસે, દહેગામ ખાતે થશે. ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. શ્રી કુલદીપ આર્યએ આજે સમગ્ર જિલ્લામાં ઉજવાનારા યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમોની વિસ્તૃત સમીક્ષા કરી હતી.